Wednesday
30.09.2026
*Volume :11 * Issue No.88
*Email.: kamalamgujarat@gmail.com
*www.kamalamgujarat.com
*Editor :Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત | વંદે માતરમ્ | RNI No.:GUJGUJ/2016/73451

# કમલમ્

KAMALAM | ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક | Daily

*Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04*Rs. 00.25/- *Annual Rs. 90/-

# કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે નવી દિલ્હીમાં 'પ્રહાર - સીટી પોલિસી એન્ડ સ્ટ્રેટેજી' પરની પરિષદનું ઉદ્ઘાટન કર્યું




**પરિષદમાં સમગ્ર સામાજિક અભિગમ દ્વારા અટકાવ, પ્રતિભાવ, આંતરિક ક્ષમતાઓનું એકત્રીકરણ, માનવ અધિકાર, આતંકવાદ માટેની પરિસ્થિતિઓમાં ઘટાડો, આંતરરાષ્ટ્રીય પ્રયાસોનું સંકલન અને રિકવરી અને સ્થિતિસ્થાપકતા સહિત પ્રહારના સાત સ્તંભો પર વિચાર-વિમર્શ કરવામાં આવ્યો**

**કેન્દ્રીય ગૃહ મંત્રીએ 'પ્રહાર' પહેલનું અમલીકરણ પોલીસ સ્ટેશન સ્તર સુધી સુનિશ્ચિત કરવા માટે તેના દરેક પાસાં પ્રત્યે સક્રિય અભિગમ અપનાવવા પર ભાર મૂક્યો**

**કાર્યવાહીમાં કોઈપણ વિલંબ ટાળવા અને 'પ્રહાર' નો દરેક સ્તંભ પરિણામલક્ષી છે તે સુનિશ્ચિત કરવા માટે તમામ હિતધારકો વચ્ચે વધુ સારું સંકલન જરૂરી છે**




**આતંકવાદી ઘટનાઓના સતત વિશ્લેષણ દ્વારા અને આગામી ૧૦ વર્ષ માટે એક મજબૂત અને કોંક્રિટ 'પ્રહાર' વ્યવસ્થા સ્થાપિત કરીને 'પ્રહાર' વ્યુહરચનાને મજબૂત કરવા માટે સતત પ્રયાસો જરૂરી છે**

**પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં, ભારત સરકારે આતંકવાદના તમામ સ્વરૂપો અને અભિવ્યક્તિઓ સામે 'ઝીરો-ટોલરન્સ' નીતિ અપનાવી છે**

**કેન્દ્રીય ગૃહ મંત્રીએ એક નવું પ્રત્યાર્પણ પોર્ટલ લોન્ચ કર્યું, જે વિદેશમાંથી ભાગેડુઓને પાછા લાવવાના પ્રયાસોને સિંક્રનાઇઝ કરશે અને ઝડપી બનાવશે**

કમલમ્,

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે આજે નવી દિલ્હીમાં 'પ્રહાર - સીટી પોલિસી એન્ડ સ્ટ્રેટેજી' (PRAHAAR - CT Policy and Strategy) પરિષદનું ઉદ્ઘાટન કર્યું હતું. પરિષદમાં સમગ્ર સમાજ અભિગમ દ્વારા અટકાવ, પ્રતિભાવ, આંતરિક ક્ષમતાઓનું એકત્રીકરણ, માનવ અધિકાર, આતંકવાદ માટેની પરિસ્થિતિઓમાં ઘટાડો, આંતરરાષ્ટ્રીય પ્રયાસોનું સંકલન અને રિકવરી અને સ્થિતિસ્થાપકતા સહિત પ્રહારના સાત સ્તંભો પર વિચાર-વિમર્શ કરવામાં આવ્યો હતો. પરિષદમાં કેન્દ્રીય ગૃહ સચિવ, વિદેશ સચિવ, સીએપીએફ/ સીપીઓના વડાઓ, ૧૫ રાજ્યોના ડીજીપી, તમામ રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોના એટીએસ વડાઓએ પ્રત્યક્ષપણે હાજરી આપી હતી જ્યારે અન્ય રાજ્યના ડીજીપી અને ઉચ્ચ કક્ષાના પોલીસ અધિકારીઓ વર્ચ્યુઅલ માધ્યમથી પરિષદમાં જોડાયા હતા. પોતાના સંબોધનમાં કેન્દ્રીય ગૃહ મંત્રીએ જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભારત સરકારે આતંકવાદના તમામ સ્વરૂપો અને અભિવ્યક્તિઓ સામે 'ઝીરો-ટોલરન્સ' નીતિ અપનાવી છે. તેમણે આતંકવાદી ઘટનાઓના સતત વિશ્લેષણ દ્વારા અને આગામી ૧૦ વર્ષ માટે એક મજબૂત અને કોંક્રિટ પ્રહાર વ્યવસ્થા સ્થાપિત કરીને પ્રહાર વ્યુહરચનાને મજબૂત કરવા અને તેમાં સુધારો કરવા માટે સતત પ્રયાસોની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. થાણા સ્તર સુધી પ્રહારના સિદ્ધાંતોના પહોંચવા પર ધ્યાન કેન્દ્રિત કરીને, તેમણે પ્રહાર પહેલના દરેક પાસાં પ્રત્યે સક્રિય અભિગમ અપનાવવા પર ભાર મૂક્યો હતો.

આતંકવાદી ધમકીઓને ઘટાડવા માટે હાથ ધરવામાં આવેલા વિવિધ પગલાંનો ઉલ્લેખ કરતા, તેમણે માળખાના દરેક સ્તરે સ્વચાલિત આતંકવાદ વિરોધી પ્રતિભાવને સંસ્થાકીય બનાવવાની હિમાયત કરી હતી. પ્રહારના દરેક સ્તંભ પ્રત્યે પરિણામલક્ષી અભિગમની આવશ્યકતા પર ભાર મૂક્તા, તેમણે કારવાઈમાં કોઈપણ વિલંબ ટાળવા માટે હિતધારકો વચ્ચે સંકલન માટે આહ્વાન કર્યું હતું. કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિત શાહે જણાવ્યું હતું કે, ૨૦૧૯ થી ૨૦૨૬ સુધીમાં મોદી સરકારે ૩૬ દેશોમાંથી ૨૮૮ ભાગેડુ ગુનેગારોને ભારત પરત લાવવામાં સફળતા મેળવી છે. એજન્સીઓ વચ્ચે સારા સંકલનના પરિણામે, શસ્ત્રો, વિસ્ફોટકો અને નાર્કોટિક્સની સરહદ પારથી તસ્કરીમાં સામેલ શહઝાદ ભટ્ટી નેટવર્કના ૪૦થી વધુ મોડ્યુલોનો પર્દાફાશ કરવામાં આવ્યો હતો, ૧૦૦ થી વધુ એફઆઈઆર નોંધવામાં આવી હતી અને ૧૫ રાજ્યોમાંથી ૩૫૦ વ્યક્તિઓની ધરપકડ કરવામાં આવી હતી. તેમણે જણાવ્યું હતું કે, આ સાથે જ મોદી સરકારે યુએપીએ (UAPA) હેઠળ શહઝાદ ભટ્ટી નેટવર્કને આતંકવાદી સંગઠન જાહેર કર્યું છે. કેન્દ્રીય ગૃહ મંત્રીએ એક નવું પ્રત્યાર્પણ પોર્ટલ પણ લોન્ચ કર્યું જે વિદેશમાંથી ભાગેડુઓને પાછા લાવવાના પ્રયાસોને સિંક્રનાઇઝ કરશે અને ઝડપી બનાવશે. તેમણે રાજ્ય પોલીસ દળોને વિદેશમાંથી ભાગેડુઓને પાછા લાવવા માટે કેન્દ્રીય એજન્સીઓ સાથે મળીને કામ કરવા માટે સમર્પિત ટીમો સ્થાપવા આહ્વાન કર્યું હતું.

# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાત સાંસ્કૃતિક વક્તૃત્વ સ્પર્ધાનો ગાંધીનગરથી પ્રારંભ કરાવ્યો

**ગુજરાત સાંસ્કૃતિક વક્તૃત્વ સ્પર્ધા માત્ર સ્પર્ધા નહિ યુવાનોમાં સંસ્કૃતિ પ્રત્યે આદર જગાવીને ચરિત્ર્ય નિર્માણ – રાષ્ટ્ર નિર્માણમાં યોગદાન માટેનું સક્ષમ પ્લેટફોર્મ છેઃ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ**



**વર્ગક્ષાથી લઈને રાજ્ય કક્ષા સુધી ચાર તબક્કામાં વિવિધ યુનિવર્સિટી અને કોલેજીસમાં યોજાશે સાંસ્કૃતિક વક્તૃત્વ સ્પર્ધાઃ રૂ. ૧૧૦૦થી શરૂ કરીને ૧ લાખ સુધીના પુરસ્કારો અપાશે**

કમલમ્,

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાત સાંસ્કૃતિક વક્તૃત્વ સ્પર્ધા-૨૦૨૬નો પ્રારંભ કરાવતાં સ્પષ્ટમત વ્યક્ત કર્યો કે, આ માત્ર સ્પર્ધા નહિ પરંતુ યુવાશક્તિમાં સંસ્કૃતિ પ્રત્યે આદર જગાવીને ચરિત્ર્ય નિર્માણ તથા રાષ્ટ્ર નિર્માણમાં યોગદાન માટેનું સક્ષમ પ્લેટફોર્મ છે. રાજ્ય સરકારના ઉચ્ચ શિક્ષણ વિભાગ અને સેવ કલ્ચર-સેવ ભારત ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે આ સ્પર્ધાનું રાજ્યવ્યાપી આયોજન કરવામાં આવ્યું છે. આ સ્પર્ધાના પ્રારંભ અવસરે શિક્ષણ મંત્રી શ્રી ડૉ. પ્રદ્યુમન વાજા, રાજ્ય મંત્રી શ્રી ત્રિકમભાઈ છાંગા અને સેવ કલ્ચર-સેવ ભારત ફાઉન્ડેશનના સ્થાપક વરિષ્ઠ પત્રકાર શ્રી ઉદય માહુરકર પણ જોડાયા હતા. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપેલા વિકસિત ભારત @2047 અને આત્મનિર્ભર ભારતના સંકલ્પને સાકાર કરવામાં યુવાશક્તિની નિર્ણાયક અને મહત્વપૂર્ણ ભૂમિકા રહેવાની છે તેનો વિશેષ ઉલ્લેખ મુખ્યમંત્રીશ્રીએ કર્યો હતો. આ સંદર્ભમાં તેમણે ઉમેર્યુ કે, ડેમોગ્રાફિક ડિવિડન્ડ સમાન યુવાધનમાં જ્ઞાનની સાથે શ્રેષ્ઠ ચારિત્ર્ય, વિનય, વિવેક, સુશીલતા અને સંસ્કાર સિંચન એ આપણી જવાબદારી છે અને હવેના સમયની માંગ પણ છે. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં ઘડાયેલી નેશનલ એજ્યુકેશન પોલિસીના ફ્રેમવર્કમાં પણ મુલ્યનિષ્ઠ શિક્ષણની ભલામણ કરવામાં આવી છે. રાજ્ય સરકાર અભ્યાસક્રમોમાં ક્રાંતિકારી પરિવર્તન લાવીને બાળકો-યુવાઓમાં સંસ્કૃતિ ધબકતી રાખવા વ્યસનોથી યુવાધનને મૂક્ત રાખવાની નેમ સાથે આગળ વધી રહી છે એમ તેમણે જણાવ્યું હતું. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે વડાપ્રધાનશ્રીએ યુવાશક્તિને ખેલકુદ અને સ્વાસ્થ્ય તરફ વળવા, નશામૂક્ત ભારત બનાવવા જે આહવાન કર્યુ છે તે ઝિલી લઈને આવી વક્તૃત્વ સ્પર્ધાઓના માધ્યમથી વૈચારિક સંસ્કૃતિ અને આત્મવિશ્વાસના સિંચન માટેની પ્રેરણા આપી હતી.

ગુજરાત સાંસ્કૃતિક વક્તૃત્વ સ્પર્ધા શું છે?

આ સ્પર્ધાનો મુખ્ય ઉદ્દેશ્ય યુવાનોમા સાંસ્કૃતિક અને નૈતિક મૂલ્યોનું સંવર્ધન કરવા ઉપરાંત વક્તૃત્વ, વિચારશક્તિ, આત્મવિશ્વાસ અને નેતૃત્વ કૌશલ્યના વિકાસનો છે. વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે વિવિધ યુનિવર્સિટીઓ અને કોલેજોમાં ઓનલાઈન/ઓફલાઈન સેમિનાર અને તાલીમ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. તેમાં વક્તૃત્વ કળા, નેતૃત્વ, સાંસ્કૃતિક અને નૈતિક મુલ્યો તથા આત્મનિર્ભર ભારત જેવા વિષયો અંગે માર્ગદર્શન પણ આપવામાં આવશે. સ્પર્ધાના મુખ્ય ૪ તબક્કાઓમાં વર્ગકક્ષામાં દરેક વર્ગમાં ૩ મિનિટનો સ્ક્રિનિંગ રાઉન્ડ અને દરેક વર્ગમાથી ૩ વિદ્યાર્થીઓની પસંદગી તથા તમામ ભાગ લેનાર વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર પણ આપવામાં આવશે.

કોલેજ કક્ષામાં વર્ગકક્ષાએ પસંદ થયેલા વિદ્યાર્થીઓ વચ્ચે સ્પર્ધા થશે, રાજ્યની સરકારી, અનુદાનિત તથા સ્વનિર્ભર કોલેજો અને યુનિવર્સિટીમાં આયોજન કરવામાં આવશે અને ૦૧-૦૧-૨૦૦૦ પછી જન્મેલા વિદ્યાર્થીઓ તેમાં ભાગ લઈ શકશે. આ ઉપરાંત દરેક ફેક્લ્ટીમાંથી એક વિદ્યાર્થીની ઝોનલ કક્ષા માટે પસંદગી કરવામાં આવશે અને પ્રથમ વિજેતાને રૂ. ૧૧૦૦ તથા બેસ્ટ સ્પિકર ઓફ કોલેજની ટ્રોફિ તથા પ્રમાણપત્ર પણ અપાશે.

ઝોનલ કક્ષામાં કુલ ૧૧ ઝોનમાં સ્પર્ધાનું આયોજન થશે. તેમાં સ્પર્ધકોમાંથી ૨૦ ટકા વિદ્યાર્થીઓની રાજ્યકક્ષાના ફાઈનલ માટે પસંદગી કરાશે. પસંદ થયેલા દરેક વિદ્યાર્થીને રૂ. ૧૧૦૦૦ તથા સંસ્કૃતિક સ્પિકર ઓફ ગુજરાતની ટ્રોફી અને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવશે. રાજ્યકક્ષાનો ફાઈનલ રાઉન્ડ શિબિર સ્વરૂપે યોજાશે. પસંદગી પામેલા વિદ્યાર્થીઓ દ્વારા નિર્ધારિત વિષયો પર વક્તવ્ય તથા ચર્ચામાં ભાગ લેવામાં આવશે. તેના પુરસ્કારોમાં પ્રથમ પુરસ્કાર રૂ. ૧ લાખ, દ્વિતીય રૂ. ૭૧ હજાર, તૃતીય રૂ. ૫૧ હજાર ઉપરાંત બેસ્ટ સાંસ્કૃતિક સ્પીકર ઓફ ગુજરાતની ટ્રોફી અને પ્રમાણપત્ર પણ આપવામાં આવશે. વક્તૃત્વના મુખ્ય વિષયોમાં નશામુક્ત ભારત અભિયાન અને સ્વચ્છ સાયબર ભારત મિશન, વિકસિત ભારત @ 2047:આત્મનિર્ભર ભારત, સંસ્કૃતિ અને સંસ્કારઃ રાષ્ટ્રના અસ્તિત્વનો આધાર, કડવા ફળ છે ક્રોધના, ભારતીય નાગરિક તરીકેની ફરજોઃ બંધારણની કલમ ૫૧ (ક)નો સમાવેશ કરવામાં આવ્યો છે. આ GSVS-2026 માત્ર વક્તૃત્વ સ્પર્ધા નહી પરંતુ યુવાશક્તિમાં સંસ્કાર, સંસ્કૃતિ અને રાષ્ટ્રનિર્માણની ભાવનાનું સંવર્ધન કરતું વ્યાપક અભિયાન છે.

શિક્ષણ મંત્રી શ્રી ડૉ. પ્રદ્યુમન વાજાએ આ અવસરે સ્પર્ધકોને શુભેચ્છાઓ પાઠવતાં જણાવ્યું કે, ભારતની સાંસ્કૃતિક ધરોહરને મજબૂત બનાવવાનું દાયિત્વ યુવાશક્તિના શિરે છે. આ વક્તૃત્વ સ્પર્ધા દ્વારા યુવાનોમાં પોતાના વિચારોની અભિવ્યક્તિ સાથે આત્મ વિશ્વાસનું પણ સિંચન થશે જે સર્વાંગી વિકાસ માટેનું ચાલક બળ બનશે. શિક્ષણમંત્રીશ્રીએ NEP માં ભારતીય જ્ઞાન પરંપરાને જોડવા માટે માતૃભાષા શિક્ષણની હિમાયત અંગે કહ્યુ કે, માતૃભાષા દ્વારા જ વિદ્યાર્થી માતૃભૂમિના મૂળ સાથે જોડાયેલો રહે છે. માતૃભૂમિ સાથેનું આવું તાદાત્મ્ય અને જોડાણ જ વિચારોની વિશાળતાથી વસુધૈવ કુટુંબકમની વડાપ્રધાનશ્રીએ આપેલી વિભાવના ચરિતાર્થ કરે છે તેમ તેમણે ઉમેર્યુ હતું. શિક્ષણ રાજ્ય મંત્રી શ્રી ત્રિકમભાઈ છાંગાએ સ્વાગત પ્રવચનથી સૌને આવકાર્યા હતા. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના દિશાદર્શનમાં રાજ્યના યુવાઓમાં સંસ્કાર સિંચનનો મહાકુંભ આ સ્પર્ધા બનશે એવી અપેક્ષા તેમણે દર્શાવી હતી. સેવ કલ્ચર-સેવ ભારત ફાઉન્ડેશનના સ્થાપક અને ભારત સરકારના પૂર્વ RTI કમિશનર શ્રી ઉદય માહુરકરે આજના આધુનિક અને પશ્ચિમી સંસ્કૃતિના આંધળા અનુકરણના સમયમાં યુવા પેઢીમાં સાંસ્કૃતિક મૂલ્યો પુનઃ જાગૃત કરવાનું આ અભિયાન રાષ્ટ્ર નિર્માણનું વિરાટ કાર્ય ગણાવ્યું હતું ખાસ કરીને મોબાઈલ, સોશિયલ મિડિયા પ્લેટફોર્મ પરની વિકૃતિ સામે યુવાઓને સંસ્કૃતિ અને ચારિત્ર્ય નિર્માણ તરફ વાળવા આવા આયોજનોને સેવ કલ્ચર – સેવ ઈન્ડિયા ફાઉન્ડેશન વધુ વ્યાપક સ્તરે લઈ જવા પ્રતિબદ્ધ છે એમ પણ તેમણે ઉમેર્યુ હતું. આ સ્પર્ધાની સફળતા માટે યુવા જૈનાચાર્ય મહર્ષિ વિજયજી મહારાજ, પૂજ્ય બ્રહ્મ વિહારી સ્વામીજી, પૂજ્ય શ્રી રમેશભાઈ ઓઝાના શુભેચ્છા સંદેશાઓ પણ મળ્યા હતા. શિક્ષણ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી મુકેશ કુમાર, ઉચ્ચ શિક્ષણ કમિશનર શ્રી દિલીપ રાણા, KCGના જોઈન્ટ સી.ઈ.ઓ. શ્રી યાદવ અને સેવ કલ્ચર-સેવ ભારત ફાઉન્ડેશનના સંયોજક શ્રી અભય શાહ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા.

# ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણી સંદર્ભે ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્માની અધ્યક્ષતામાં તથા નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવી અને પ્રદેશ સંગઠન મહામંત્રી શ્રી રત્નાકરજીની વિશેષ ઉપસ્થિતિમાં ગાંધીનગર ખાતે 'કાર્યકર્તા સંકલન બેઠક' યોજાઈ

**ભાજપા સંગઠનની શક્તિનો સાચો આધાર બુથનો કાર્યકર્તા છે અને કાર્યકર્તાની સક્રિયતાથી જ સંગઠનની વિચારધારા અને વિકાસનો સંદેશ જનજન સુધી પહોંચે છે- શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા**




**ભાજપાની બુથસ્તર સુધીની સંગઠનવ્યવસ્થા ભાજપાની સૌથી મોટી શક્તિ છે- શ્રી હર્ષભાઈ સંઘવી**

કમલમ્,

ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણી સંદર્ભે ગઈકાલે મોડી સાંજે ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્માની અધ્યક્ષતામાં તથા નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવી અને પ્રદેશ સંગઠન મહામંત્રી શ્રી રત્નાકરજીની વિશેષ ઉપસ્થિતિમાં ગાંધીનગર ખાતે 'કાર્યકર્તા સંકલન બેઠક' યોજાઈ હતી. ગાંધીનગર મહાનગરપાલિકા ચૂંટણીને લઈને સંગઠનાત્મક તૈયારીઓ, જનસંપર્ક અને બુથ સ્તરની કામગીરીને વધુ સુદૃઢ બનાવવા માટે યોજાયેલી આ બેઠકમાં મોટી સંખ્યામાં આગેવાનો અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

બેઠકને સંબોધતા પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ જણાવ્યું હતું કે, ભાજપા સંગઠનની શક્તિનો સાચો આધાર બુથનો કાર્યકર્તા છે અને કાર્યકર્તાની સક્રિયતાથી જ સંગઠનની વિચારધારા અને વિકાસનો સંદેશ જનજન સુધી પહોંચે છે. તેમણે ગાંધીનગર મહાનગરપાલિકા ચૂંટણીને ધ્યાનમાં રાખીને પ્રભાવી જનસંપર્ક, નાગરિકો સાથે સીધો સંવાદ, સંકલન તથા લોકકલ્યાણકારી યોજનાઓ અને વિકાસલક્ષી કામગીરીની માહિતી લોકો સુધી પહોંચાડવા માર્ગદર્શન આપ્યું હતું.

તેઓએ કહ્યું કે, ગાંધીનગર લોકસભા ક્ષેત્રના લોકપ્રિય સાંસદ તથા કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહ તથા મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન અને દિશાદર્શન હેઠળ ગાંધીનગરમાં અનેકવિધ વિકાસલક્ષી કાર્યો થયા છે. નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવીએ જણાવ્યું હતું કે, ગાંધીનગર શહેરે વિકાસની દિશામાં નોંધપાત્ર પ્રગતિ કરી છે અને શહેરના સર્વાંગી વિકાસ માટે સતત કામગીરી કરવામાં આવી રહી છે. તેમણે વિકાસની આ ગતિને વધુ વેગવાન બનાવવા માટે નાગરિકોની અપેક્ષાઓ અને જરૂરિયાતોને કેન્દ્રસ્થાને રાખીને જનસેવાના સંકલ્પ સાથે આગળ વધવા કાર્યકર્તાઓને પ્રેરિત કર્યા હતા. ભારતીય જનતા પાર્ટીની બુથસ્તર સુધીની સંગઠનવ્યવસ્થાને તેઓએ ભાજપાની શક્તિ ગણાવી હતી. આ પ્રસંગે ગાંધીનગર શહેર ભાજપા અધ્યક્ષ ડૉ. આશિષકુમાર દવેએ સ્વાગત પ્રવચન કરી ઉપસ્થિત સૌ આગેવાનો અને કાર્યકર્તાઓનું સ્વાગત કર્યુ હતું. બેઠકમાં પ્રદેશ મહામંત્રી શ્રી અજયભાઈ બ્રહ્મભટ્ટ, ચૂંટણી પ્રભારી મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ, સહ પ્રભારી મંત્રી શ્રી સંજયસિંહ મહિડા, મંત્રી શ્રીમતી દર્શનાબેન, પ્રદેશ મંત્રી શ્રી નીરવભાઈ અમીન, ગાંધીનગર શહેર ભાજપા અધ્યક્ષ ડૉ. આશિષકુમાર દવે, કર્ણાવતી મહાનગર ભાજપા અધ્યક્ષ શ્રી પ્રેરકભાઈ શાહ, પ્રદેશ દ્વારા નિયુકત ચૂંટણી પ્રભારી શ્રી અમિતભાઈ શાહ, સહ પ્રભારી શ્રી જતીનભાઈ પટેલ, સાંસદશ્રીઓ શ્રી હસમુખભાઈ પટેલ તથા શ્રી દિનેશભાઈ મકવાણા, મેયર શ્રીમતી મીરાબેન પટેલ, ધારાસભ્યશ્રીઓ શ્રીમતી રીટાબેન પટેલ, શ્રી અલ્પેશજી ઠાકોર સહિત આગેવાનો, પદાધિકારીઓ અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

## તંત્રી સ્થાનેથી......

ડેમ સુરક્ષાને મજબૂત કરવા અને જાહેર સુરક્ષા વધારવાના ઉદ્દેશ્યથી શરૂ કરાયેલી સેવા સંકલ્પ પહેલના ભાગરૂપે, નેશનલ ડેમ સેફ્ટી ઓથોરિટી (NDSA) એ ૨૭ સપ્ટેમ્બર ૨૦૨૬ ના રોજ મહારાષ્ટ્રના લોનાવાલામાં આવેલા લોનાવાલા અને ભુશી ડેમ ખાતે ઈમરજન્સી એક્શન પ્લાન (EAPs) અને ઈમરજન્સી સજ્જતા પર હિતધારકો સાથે પરામર્શનું આયોજન કર્યું હતું. આ પરામર્શની અધ્યક્ષતા શ્રી સૌરભ અગ્રવાલ, સભ્ય (વહિવટ અને નાણાં), NDSA એ કરી હતી અને તેમાં શ્રી એમએસ વર્મા, નિયામક (રેગ્યુલેશન), NDSA; શ્રી હરીશ અંબરજે, નિયામક (WR), NDSA; એનડીએસએ વેસ્ટર્ન રિજનલ ઓફિસ, પુણેના અધિકારીઓ; અને સેન્ટ્રલ વોટર એન્ડ પાવર રિસર્ચ સ્ટેશન (CWPRS), પુણેના નિષ્ણાતો હાજર રહ્યા હતા. લોનાવાલા ડેમના માલિક ટાટા પાવર અને ભુશી ડેમના માલિક સેન્ટ્રલ રેલવેના વરિષ્ઠ પ્રતિનિધિઓએ પણ આ પરામર્શમાં ભાગ લીધો હતો. પરામર્શમાં લોનાવાલા વિસ્તારમાં તાજેતરમાં સર્જાયેલી પૂરની ઘટના, ભારે વરસાદની અસરો અને ભારે વરસાદની સ્થિતિ દરમિયાન સજ્જતા મજબૂત કરવા માટે આ ઘટનામાંથી શીખવા મળેલા પાઠ અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. કટોકટીની પરિસ્થિતિઓ દરમિયાન ઉન્નત સંકલન, સમયસર સંચાર અને અસરકારક પ્રતિભાવ પ્રણાલીની જરૂરિયાત પર ભાર મૂકવામાં આવ્યો હતો. એ વાત પર ભાર મૂકવામાં આવ્યો હતો કે ઈમરજન્સી એક્શન પ્લાન એ સમયસર ચેતવણી, સંચાર, સંકલન અને કટોકટી પ્રતિભાવ માટેનું એક મહત્વપૂર્ણ સાધન છે, ખાસ કરીને નીચાણવાળા વિસ્તારના સમુદાયો, તેમના જીવન અને આજીવિકાના રક્ષણ માટે. એનડીએસએ (NDSA) એ ડેમની માલિકી ધરાવતી બંને એજન્સીઓને તાજેતરની ઘટનાઓ, ઓળખાયેલા ઈમરજન્સી દ્રશ્યો, ભારે વરસાદની ઘટનાઓ અને નીચાણવાળા વિસ્તારની વસ્તી માટેના સંભવિત જોખમોને ધ્યાનમાં રાખીને તેમના ઈમરજન્સી એક્શન પ્લાનની સમીક્ષા કરવા, અપડેટ કરવા અને મજબૂત કરવાની સલાહ આપી હતી. CWPRS એ ડેમના માલિકીધારકોને તેમના ઈમરજન્સી એક્શન પ્લાનની તૈયારી, સમીક્ષા અને આખરી ઓપ આપવામાં સહયોગ કરવાના તેના પ્રયાસો અંગે તકનીકી ઈનપુટ્સ પૂરા પાડ્યા હતા. પરામર્શ બાદ, NDSA, CWPRS અને સહભાગી એજન્સીઓના અધિકારીઓએ ઈન્દ્રાયણી નદી પ્રણાલીમાં આવેલા લોનાવાલા ડેમ અને ભુશી ડેમની રૂબરૂ મુલાકાત લીધી હતી. ભુશી ડેમ અને લોનાવાલા ડેમ વચ્ચેના કેસ્કેડીંગ સંબંધની પણ ઈમરજન્સી સજ્જતા, સંચાર અને નીચાણવાળા વિસ્તારની સુરક્ષાના દ્રષ્ટિકોણથી સમીક્ષા કરવામાં આવી હતી. સેવા સંકલ્પ પહેલના ભાગરૂપે, પર્યાવરણીય સ્થિરતા અને નિવસનતંત્રની સંભાળ પ્રત્યેની પ્રતિબદ્ધતાને પુનરોચ્ચારિત કરવા માટે લોનાવાલા ડેમ સાઈટ નજીક વૃક્ષારોપણ કાર્યક્રમ પણ હાથ ધરવામાં આવ્યો હતો. પ્રોગ્રામમાં ભાગ લેનારા તમામ અધિકારીઓ અને પ્રતિનિધિઓએ વૃક્ષારોપણ પ્રવૃત્તિમાં સક્રિયપણે ભાગ લીધો હતો, જેમાં દરેક સહભાગીએ એક છોડ વાવ્યો હતો. આ પહેલે ડેમ સુરક્ષા અને ટકાઉ જળ સંસાધન વ્યવસ્થાપન સાથે પર્યાવરણીય સંભાળને સાંકળવાના મહત્વ પર ભાર મૂક્યો હતો.

એશિયન ગેમ્સ ૨૦૨૬માં ગુંજ્યું ગુજરાતનું નામ

# રાજ્યની ખેલપ્રતિભાઓને પ્રોત્સાહિત કરવા અને તેમને વૈશ્વિક સ્તરે અગ્રેસર રાખવા ગુજરાત સરકાર તૈયાર: નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી

### નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના હસ્તે ઇલાવેનિલ વાલારીવનને રૂ. ૧.૩૩ કરોડના ખેલપ્રતિભા પુરસ્કારથી સન્માનિત કરાયા



**રાઇફલ શૂટર ઇલાવેનિલ વાલારીવને શાનદાર પ્રદર્શનથી જીત્યા બે સિલ્વર મેડલ**

**સંસ્કારધામમાં કેળવણી પામેલા ઇલાવેનિલ રાજ્યના અન્ય હજારો યુવા ખેલાડીઓ માટે પ્રેરણાસ્ત્રોત**

કમલમ્,

એશિયન ગેમ્સ ૨૦૨૬માં રાઈફલ શૂટિંગમાં ૨-સિલ્વર મેડલ પ્રાપ્ત કરવા બદલ ગુજરાતના પ્રતિભાવાન ખેલાડી શ્રી ઈલાવેનિલ વાલારીવને નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના હસ્તે ખેલપ્રતિભા પુરસ્કાર યોજના અંતર્ગત રૂ. ૧.૩૩ કરોડનો ચેક અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. જાપાનમાં આયોજિત એશિયન ગેમ્સ ૨૦૨૬ માં ઈલાવેનિલ વાલારીવને રાઈફલ શૂટિંગમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી વિશ્વફલક પર દેશ અને રાજ્યનું નામ રોશન કર્યું છે. આ સ્પર્ધામાં તેમણે 'Women's 10mAir Rifle (Individual)' અને 'Women's 10m Air Rifle (Team)' એમ બંને ઈવેન્ટમાં શાનદાર પ્રદર્શન કરીને ૨ સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યા છે. યુવા ખેલાડીને અભિનંદન પાઠવતાં નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, રાજ્યની આવી ખેલપ્રતિભાઓને પ્રોત્સાહિત કરવા અને તેમને વૈશ્વિક સ્પર્ધાઓ માટે તૈયાર કરવા જરૂરી તમામ તાલીમ-સુવિધાઓ ગુજરાત સરકાર તૈયાર છે. તેમણે ઉમેર્યું હતું કે જ્યારે કોઈ દીકરો કે દીકરી આંતરરાષ્ટ્રીય સ્તરે દેશનું નામ રોશન કરે છે, ત્યારે તેમાં માત્ર ખેલાડીની મહેનત જ નહીં પરંતુ તેમને સંસ્કારો આપીને આગળ વધારવામાં તેમના માતા-પિતાનું પણ એટલું જ મહત્ત્વપૂર્ણ યોગદાન હોય છે. નાયબ મુખ્યમંત્રીશ્રીએ વધુમાં કહ્યું હતું કે, રાજ્ય સરકારની DLSS યોજના અંતર્ગત કાર્યરત સંસ્કારધામ સંકુલમાંથી અભ્યાસ કરીને આજે ઈલાવેનિલ વાલારીવને એશિયન ગેમ્સમાં ગુજરાતનું ગૌરવ વધાર્યું છે જે આપણા સૌ માટે ગર્વની વાત છે. સંસ્કારધામમાં કેળવણી પામેલા યુવાનો જ્યારે રમતગમતની દુનિયામાં આ પ્રકારે ઈતિહાસ રચે છે, ત્યારે તે રાજ્યના અન્ય હજારો યુવા ખેલાડીઓ માટે પ્રેરણાસ્ત્રોત બને છે. અત્રે ઉલ્લેખનીય છે કે ઈલાવેનિલ વાલારીવનને ખેલ જગતમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન જાળવી રાખવા માટે ગુજરાત સરકાર દ્વારા શક્તિદૂત યોજના અને ઓલિમ્પિક પ્રોત્સાહન અંતર્ગત કુલ રૂ. ૧.૩૩ કરોડ અને DLSS યોજના તથા ખેલ મહાકુંભ જેવી યોજનાઓ અંતર્ગત રૂ. ૭૪ લાખની સહાય આપવામાં આવી છે. આમ રાજ્ય સરકાર દ્વારા તેમને કુલ રૂ. ૨.૪૧ કરોડની પ્રોત્સાહક રકમથી સન્માનિત કરવામાં આવ્યા છે. ગુજરાત જેની કર્મભૂમિ છે તેવા શૂટર શ્રી ઈલાવેનિલ વાલારીવનની સિદ્ધિઓ માત્ર રાજ્ય જ નહીં, પરંતુ સમગ્ર દેશ માટે પ્રેરણારૂપ છે. અમદાવાદના મણિનગર વિસ્તારમાં રહેતી અને ૨૫ વર્ષીય પ્રતિભાશાળી ખેલાડી રાઈફલ શૂટિંગ ક્ષેત્રે વૈશ્વિક સ્તરે ભારતનું નામ રોશન કરી રહી છે. ગુજરાત સરકારની 'શક્તિદૂત યોજના' સાથે વર્ષ ૨૦૧૭-૧૮થી જોડાયેલી ઈલાવેનિલ હાલમાં આ યોજના અંતર્ગત 'છ' કેટેગરીમાં સ્થાન ધરાવે છે અને રાજ્યના ખેલ જગતમાં એક અગ્રણી ચહેરો બની છે. ઈલાવેનિલની કારકિર્દી અસંખ્ય ઐતિહાસિક સિદ્ધિઓથી ભરેલી છે. તેમણે ૨૦૨૦ ટોક્યો ઓલિમ્પિક અને ૨૦૨૪ પેરિસ ઓલિમ્પિકમાં ભારતનું પ્રતિનિધિત્વ કર્યું છે. વર્ષ ૨૦૧૯માં રિયો ડી જેનેરો ખાતે યોજાયેલ ISSF વર્લ્ડ કપમાં તેમણે ૨૫૧.૭નો શાનદાર સ્કોર બનાવીને ગોલ્ડ મેડલ પણ જીત્યો હતો. આંતરરાષ્ટ્રીય સ્તરે તેની પ્રતિભાની નોંધ લેતા ભારત સરકાર દ્વારા વર્ષ ૨૦૨૨માં તેને પ્રતિષ્ઠિત 'અર્જુન એવોર્ડ'થી સન્માનિત કરવામાં આવી હતી. જુનિયર વર્લ્ડ કપ (સુહલ અને સિડની ૨૦૧૮), એશિયન એરગન ચેમ્પિયનશિપ, વર્લ્ડ યુનિવર્સિટી ગેમ્સ (ચેંગડુ) તેમજ ૨૦૨૫ મ્યુનિક અને કઝાકિસ્તાન સ્પર્ધાઓમાં તેણે અનેક ગોલ્ડ, સિલ્વર અને બ્રોન્ઝ મેડલ જીતીને ભારતને ગૌરવ અપાવ્યું છે.

# સુરત જિલ્લા ભાજપ દ્વારા બારડોલી ખાતે પત્રકાર પરિષદ યોજાઈ.

**SIR મુદ્દે કોંગ્રેસના આક્ષેપો સામે ભાજપનો પલટવાર, ચૂંટણી પંચની પ્રક્રિયા અંગે સ્પષ્ટતા કરાઈ**



કમલમ્,બારડોલી

સુરત જિલ્લા ભાજપના મધ્યસ્થ કાર્યાલય, બારડોલી ખાતે સુરત જિલ્લા પંચાયત પ્રમુખ સમીર મોદી અને સુરત જિલ્લા ભાજપ પ્રમુખ ભરત રાઠોડની અધ્યક્ષતામાં પત્રકાર પરિષદ યોજાઈ હતી. જેમાં તાજેતરમાં ચૂંટણી પંચની SIR પ્રક્રિયાને લઈને ચાલી રહેલા રાજકીય વિવાદ અંગે ભાજપ તરફથી પોતાનો પક્ષ રજૂ કરવામાં આવ્યો હતો. સુરત જિલ્લા ભાજપા પ્રમુખ ભરત ભાઈ રાઠોડે એ પત્રકાર પરિષદ સંબોધતા જણાવાયું હતું. કે છેલ્લા કેટલાક દિવસોથી એક અખબારમાં પ્રકાશિત થયેલા લેખને આધારે ચૂંટણી પંચ જેવી બંધારણીય સંસ્થા સામે પ્રશ્નો ઉઠાવવામાં આવી રહ્યા છે. સુરત જિલ્લા ભાજપ પ્રમુખ ભરત ભાઈ રાઠોડના જણાવ્યા મુજબ, કોંગ્રેસ અને વિપક્ષ દ્વારા આ મુદ્દે કરવામાં આવેલા આક્ષેપોથી લોકોમાં ગેરસમજ ઊભી કરવાનો પ્રયાસ થઈ રહ્યો છે. પત્રકાર પરિષદમાં ચૂંટણી પંચના SIR સંબંધિત નિર્ણયો અંગે ખાસ ભાર મૂકવામાં આવ્યો હતો. ત્યાર બાદ સુરત જિલ્લા પંચાયત પ્રમુખ સમીરભાઈ મોદી એ પત્રકાર પરિષદ સંબોધતા જણાવ્યું હતું. કે. મુખ્ય ચૂંટણી કમિશનર સહિત ચૂંટણી કમિશનરો દ્વારા આપવામાં આવેલી સ્પષ્ટતાઓ બાદ SIR અંગેના નિર્ણયોમાં મતભેદ હોવાના આક્ષેપો અંગે સ્થિતિ સ્પષ્ટ થઈ છે. SIR દરમિયાન મતદાર યાદીમાં નામ ઉમેરવા માટેના Form-6 અંગે પણ ભાજપ દ્વારા સ્પષ્ટતા કરવામાં આવી હતી. ચૂંટણી પંચના વર્તમાન મતદાર સેવા પોર્ટલ પર Form-6 તથા સંબંધિત Declaration Form ઉપલબ્ધ હોવાનું સત્તાવાર રીતે દર્શાવવામાં આવ્યું છે. ભાજપના આગેવાનોએ વધુમાં જણાવ્યું હતું કે SIR દરમિયાન મતદારોની ચકાસણી અને દસ્તાવેજી પ્રક્રિયા અંગે સુપ્રીમ કોર્ટમાં પણ સુનાવણી થઈ હતી. સુપ્રીમ કોર્ટના ૨૭ મે ૨૦૨૬ના નિર્ણયમાં બિહારમાં SIRની પ્રક્રિયા, દસ્તાવેજોની ચકાસણી, મતદાર યાદી અને સંબંધિત કાનૂની પ્રશ્નો અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. ભાજપ દ્વારા કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી સહિત વિપક્ષ પર ચૂંટણી પંચની કામગીરીને લઈને રાજકીય આક્ષેપો કરવાનો આરોપ લગાવવામાં આવ્યો હતો. ભાજપના નેતાઓએ કહ્યું હતું કે ચૂંટણી પરિણામો અંગે અગાઉ EVM અને ત્યારબાદ SIR સહિત વિવિધ મુદ્દાઓને લઈને કોંગ્રેસ દ્વારા પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા છે અને હવે ચૂંટણી પંચને નિશાન બનાવવામાં આવી રહ્યું છે. પત્રકાર પરિષદમાં ભાજપ તરફથી એવો આક્ષેપ પણ કરવામાં આવ્યો કે કોંગ્રેસ દ્વારા SIR અને ચૂંટણી પ્રક્રિયાને લઈને "ફેક નેરેટિવ" ઊભો કરવામાં આવી રહ્યો છે. ભાજપના નેતાઓએ જણાવ્યું હતું કે તથ્યો સામે અફવાઓ અને ગેરસમજ લાંબા સમય સુધી ટકી શકતી નથી. જિલ્લા ભાજપા પ્રમુખ ભરતભાઈ રાઠોડે વધુમાં જણાવ્યું હતું કે દેશની લોકશાહી પ્રક્રિયા અંગે કરવામાં આવતા પ્રશ્નો અને આક્ષેપો વચ્ચે મતદાર યાદીની પ્રક્રિયા તથા ચૂંટણી વ્યવસ્થાને લઈને તથ્યોને સમજવાની જરૂર છે. ચૂંટણી પંચ પોતે તેને ભારતની ચૂંટણી પ્રક્રિયા સંચાલિત કરતી સ્વાયત્ત બંધારણીય સંસ્થા તરીકે વર્ણવે છે. પત્રકાર પરિષદના અંતે ભાજપના આગેવાનોએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ ભારતની વૈશ્વિક ભૂમિકા અંગે પણ પોતાના વિચારો રજૂ કર્યા હતા. સાથે જ તેમણે જણાવ્યું હતું કે દેશની લોકશાહી અને ચૂંટણી પ્રક્રિયા અંગે જનતાનો વિશ્વાસ જળવાઈ રહે તે જરૂરી છે. આ સમગ્ર પત્રકાર પરિષદ દરમિયાન ભાજપે SIR મુદ્દે કોંગ્રેસના આક્ષેપોને રાજકીય દાવા ગણાવી ચૂંટણી પંચની પ્રક્રિયા અંગે ઉપલબ્ધ સત્તાવાર માહિતીના આધારે પોતાનો પક્ષ રજૂ કર્યો હતો. આ પત્રકાર પરિષદ માં સુરત જિલ્લા ભાજપા પ્રમુખ ભરતભાઈ રાઠોડ, જિલ્લા પંચાયત પ્રમુખ સમીરભાઈ મોદી, જિલ્લા મીડિયા કન્વીનર તેજસ વશી ઉપસ્થિત રહ્યા હતા.

# શિક્ષણ માત્ર ડિગ્રી મેળવવા માટે નથી, પણ સમાજમાં પરિવર્તન લાવવાનું ક્રાંતિકારી હથિયાર છે: મંત્રી શ્રી પ્રદ્યુમન વાજા

### મહેસાણામાં મંત્રી શ્રી પ્રદ્યુમન વાજાની ઉપસ્થિતિમાં ૧૩૫ પાટણવાડા વણકર સમાજ દ્વારા તેજસ્વી તારલાઓનો સન્માન સમારોહ અને ૧૦મા સોવિનિયરનું વિમોચન







કમલમ્,મહેસાણા

મહેસાણા ખાતે ૧૩૫ પાટણવાડા વણકર સમાજ શૈક્ષણિક ટ્રસ્ટ દ્વારા આયોજિત ૧૦મો સોવિનિયર અંક વિમોચન તથા તેજસ્વી તારલા અને તજજ્ઞોનો સન્માન સમારોહ સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી શ્રી પ્રદ્યુમન વાજાની પ્રેરક ઉપસ્થિતિમાં ઉત્સાહભેર યોજાયો હતો. આ કાર્યક્રમમાં મંત્રીશ્રી તથા અન્ય મહાનુભાવોના હસ્તે સંસ્થાના ૧૦માં સોવિનિયર અંકનું વિમોચન કરવામાં આવ્યું હતું. આ સાથે સમાજના વિવિધ ક્ષેત્રના તજજ્ઞો અને તેજસ્વી વિદ્યાર્થીઓને તેમની વિશિષ્ટ સિદ્ધિઓ બદલ સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે મંત્રીશ્રીએ શિક્ષણની ગરિમા અને સામાજિક ઉત્થાનમાં તેની ભૂમિકા વિશે વિગતવાર માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. કાર્યક્રમને સંબોધતા સામાજિક ન્યાય અને અધિકારીતા તથા શિક્ષણ મંત્રી શ્રી પ્રદ્યુમન વાજાએ શિક્ષણના સાચા અર્થ અને મહત્વ પર વિશેષ ભાર મૂક્યો હતો. તેમણે જણાવ્યું હતું કે શિક્ષણ માત્ર ડિગ્રીઓ મેળવવા કે ઊંચી ટકાવારી લાવવા પૂરતું સીમિત નથી, પરંતુ સાચું શિક્ષણ એ છે જે જ્ઞાનની સાથે સંસ્કાર, સફળતાની સાથે સેવા અને અધિકારની સાથે જવાબદારીના ભાવને જોડે છે.

મંત્રીશ્રીએ વધુમાં ઉમેર્યું હતું કે વિદ્યાર્થીઓનું સન્માન એ માત્ર ઈનામ વિતરણનો કાર્યક્રમ નથી, પરંતુ તેમની પ્રતિભા, સખત મહેનત અને શિક્ષણ દ્વારા જીવનમાં આગળ વધવાની મક્કમ સંકલ્પ શક્તિની કદર કરવાનો અવસર છે. શિક્ષણને સામાજિક પરિવર્તનનું મુખ્ય માધ્યમ ગણાવતા મંત્રીશ્રીએ ડો. બાબાસાહેબ આંબેડકર અને નેલ્સન મંડેલા જેવા મહાનુભાવોના વિચારોને ટાંક્યા હતા. તેમણે જણાવ્યું હતું કે શિક્ષણ એ એવું ક્રાંતિકારી હથિયાર છે જેનાથી સમાજમાં વ્યાપક પરિવર્તન લાવી શકાય છે. ડો. બાબાસાહેબ આંબેડકરના 'શિક્ષિત બનો, સંગઠિત થાઓ અને સંઘર્ષ કરો'ના મંત્રને યાદ કરી તેમણે યુવાનોને શિક્ષણ દ્વારા સમાજના વંચિત વર્ગોને મુખ્ય ધારામાં લાવવા આહ્વાન કર્યું હતું. આ તકે તેમણે સરકારની સંવેદનશીલતા વ્યક્ત કરતા જણાવ્યું હતું કે સરકારે વિદ્યાર્થીઓના હિતમાં પોસ્ટ-મેટ્રિક શિષ્યવૃત્તિ અને ફ્રી-શિપ કાર્ડ યોજનાના માટેની આવક મર્યાદા ૨.૫ લાખથી વધારીને ૬ લાખ કરવાનો ઐતિહાસિક નિર્ણય કર્યો છે, જે જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓ માટે ઉચ્ચ શિક્ષણના દ્વાર ખોલશે.

આ પ્રસંગે પૂર્વ ધારાસભ્ય શ્રી હિતુભાઈ કનોડિયાએ પણ શિક્ષણની સાથે યોગ્ય સંસ્કારોના મહત્વ વિશે પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું. તેમણે સ્પષ્ટપણે જણાવ્યું હતું કે માત્ર પુસ્તકીય 'ભણતર' પૂરતું નથી, પણ તેની સાથે વ્યવહારિક જ્ઞાન અને સંસ્કારોનું 'ગણતર' હોવું અનિવાર્ય છે. તેમણે વાલીઓ અને શિક્ષકોને અપીલ કરી હતી કે બાળકોને અભ્યાસની સાથે માતા-પિતા અને વડીલો પ્રત્યે આદર તથા વિનમ્રતાના પાઠ પણ શીખવવા જોઈએ.

આ તકે મંત્રીશ્રી તથા ઉપસ્થિત મહાનુભાવોએ સંસ્થાના કાર્યાલય ખાતે પ્રધાનમંત્રીશ્રીનો 'મન કી બાત' કાર્યક્રમ નિહાળ્યો હતો. આ સમારોહમાં મહેસાણાના મેયર શ્રીમતી સોનલબેન ઓઝા, ધારાસભ્ય શ્રી મુકેશભાઈ પટેલ, સંસ્થાના પ્રમુખ શ્રી અજયચંદ્ર સુતરીયા, મહામંત્રી શ્રી નટવરલાલ મછાવડા સહિત સમાજના અગ્રણીઓ અને મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

# નૂતન આયુર્વેદિક કોલેજમાં ૧૧મા આયુર્વેદ દિવસની ભવ્ય ઉજવણી



કમલમ્,વિસનગર

સાંકળચંદ પટેલ યુનિવર્સિટી સંલગ્ન નૂતન આયુર્વેદિક કોલેજ એન્ડ રિસર્ચ સેન્ટર, વિસનગર ખાતે ૧૧મા આયુર્વેદ દિવસની ઉજવણી અંતર્ગત તા. ૮ સપ્ટેમ્બરથી ૨૩ સપ્ટેમ્બર, ૨૦૨૬ દરમિયાન વિવિધ શૈક્ષણિક, વિદ્યાર્થીલક્ષી, સામુદાયિક તથા દર્દી જાગૃતિના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતુ. "Ayurveda for Healthier Tomorrow"ની થીમ હેઠળ યોજાયેલા કુલ ૨૭ કાર્યક્રમોમાં ૩,૮૭૨ લોકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ ઉજવણીનો મુખ્ય ઉદેશ આયુર્વેદના પ્રામાણિક જ્ઞાનનો પ્રસાર, સ્વસ્થ જીવનશૈલી અને રોગપ્રતિકારક આરોગ્ય અંગે જાગૃતિ, તેમજ શાસ્ત્રીય આયુર્વેદિક જ્ઞાનને સમાજ સુધી પહોંચાડવાનો હતો. કાર્યક્રમ અંતર્ગત વૃક્ષાયુર્વેદ, આહારવર્ગ, ઋતુચર્યા, દિનચર્યા અને તણાવ જેવા વિષયો પર વ્યાખ્યાનો તથા નિબંધ, ક્વિઝ, પેપર પ્રેઝન્ટેશન અને સ્લોગન સ્પર્ધાઓ યોજાઈ હતી. ચારક સંહિતા આધારિત ક્વિઝ સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓ દ્વારા આયુર્વેદ જાગૃતિ રેલી તથા વિશાળ શૈક્ષણિક પ્રદર્શનનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. પ્રદર્શનમાં ઔષધીય વનસ્પતિઓ, પૌષ્ટિક વાનગીઓ, ઋતુચર્યા મોડેલ, મેડિકો-લીગલ કેસ મોડેલ તથા વિવિધ શૈક્ષણિક સામગ્રી રજૂ કરવામાં આવી હતી. રેલીમાં વિદ્યાર્થીઓએ આયુર્વેદ, સ્વસ્થ જીવનશૈલી, યોગ અને રોગપ્રતિકારક આરોગ્ય અંગે જનજાગૃતિ ફેલાવી હતી. સમાજલક્ષી પ્રવૃત્તિઓ અંતર્ગત આયુર્વેદિક આરોગ્ય તપાસ કેમ્પ, સુવર્ણપ્રાશન કેમ્પ, પ્રકૃતિ પરીક્ષણ તથા જીવનશૈલી માર્ગદર્શન, ઋતુચર્યા જાગૃતિ, મહિલા આરોગ્ય, માસિક સ્વચ્છતા, વરિષ્ઠ નાગરિકો માટે આરોગ્ય જાગૃતિ, યોગ-વેલનેસ કેમ્પ, વૃક્ષારોપણ અને સ્વચ્છતા અભિયાન સહિત કુલ ૧૪ પ્રવૃત્તિઓ યોજાઈ હતી. વિશેષરૂપે યોજાયેલા સુવર્ણપ્રાશન કેમ્પમાં ૨,૧૯૩ લાભાર્થીઓ જોડાયા હતા. પ્રકૃતિ પરીક્ષણ અને જીવનશૈલી માર્ગદર્શન કેમ્પમાં ૨૦૦ લોકોએ ભાગ લીધો હતો. આ ઉપરાંત ૧૩ પ્રકારની ઔષધીય વનસ્પતિઓનું વાવેતર કરી પર્યાવરણ સંરક્ષણ અને હરિયાળા કેમ્પસનો સંદેશ આપવામાં આવ્યો હતો. નૂતન આયુર્વેદિક હોસ્પિટલ ખાતે દર્દીઓ અને તેમના પરિજનો માટે ડાયાબિટીસમાં આયુર્વેદિક વ્યવસ્થાપન, હાયપરટેન્શન અને આયુર્વેદ, ઋતુજન્ય આરોગ્ય, સ્વ-દવાઓના જોખમો તથા મહિલા આરોગ્ય જેવા મહત્વપૂર્ણ વિષયો પર જાગૃતિ વ્યાખ્યાનો યોજાયા હતા. આ સમગ્ર ઉજવણી દરમિયાન વિદ્યાર્થીઓ, શિક્ષકો, હોસ્પિટલ સ્ટાફ, નોન-ટીચિંગ સ્ટાફ તેમજ સ્થાનિક સમુદાયની સક્રિય ભાગીદારી જોવા મળી હતી. વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા સ્વસ્થ જીવનશૈલી, ઋતુચર્યા, દિનચર્યા, મહિલા આરોગ્ય, સ્વચ્છતા, પર્યાવરણ સંરક્ષણ અને આયુર્વેદિક રોગપ્રતિરોધક અભિગમ અંગે વ્યાપક જનજાગૃતિ ઊભી થઈ હતી. નૂતન આયુર્વેદિક કોલેજ એન્ડ રિસર્ચ સેન્ટર દ્વારા આયોજિત આ સમગ્ર ઉજવણી દ્વારા "આયુર્વેદ ફોર હેલ્થિયર ટુમોરો"નો સંદેશ વર્ગખંડની બહાર સમાજના વિવિધ વર્ગો સુધી પહોંચાડવામાં આવ્યો હતો. કુલ ૨૭ કાર્યક્રમોમાં ૩,૮૭૨ ભાગીદારોની સહભાગિતાથી ૧૧મા આયુર્વેદ દિવસની ઉજવણી સફળતાપૂર્વક સંપન્ન થઈ હતી.

# DGP કચેરીના 'જનસંપર્ક કાર્યાલય' થકી પ્રજાના પ્રશ્નોનું ત્વરિત અને પરિણામલક્ષી નિરાકરણ

### ૮ મહિનામાં ૩૧૦ રજૂઆતો સાંભળી, ૨૮ ગંભીર બાબતોમાં તાત્કાલિક FIR નોંધાઈ



**સાચા અરજદારોને તાત્કાલિક ન્યાય, ખોટી રજૂઆત કરનારા સામે પણ કાયદેસર પગલાં**

**કચ્છ, સૌરાષ્ટ્રથી લઈને દક્ષિણ ગુજરાતના છેવાડાના અરજદારો માટે ન્યાયનું કિરણ બન્યું 'જનસંપર્ક કાર્યાલય': નાગરિકો તરફથી મળ્યો 'Excellent' પ્રતિસાદ**

**ખોટી અને બદઈરાદાપૂર્વક રજૂઆત કરનારા ૮ અરજદારો સામે કાયદેસર કાર્યવાહી કરી**

કમલમ્,

રાજ્યના છેવાડાના માનવીને ત્વરિત, પારદર્શક અને સંવેદનાસભર ન્યાય મળે તેવા સંકલ્પ સાથે પોલીસ ભવન, ગાંધીનગર ખાતે શરૂ કરવામાં આવેલું 'જનસંપર્ક કાર્યાલય' આજે રાજ્યના સામાન્ય નાગરિકો માટે અત્યંત વિશ્વાસપાત્ર સેતુ બની ગયું છે. રાજ્યના પોલીસ વડા શ્રી જ્ઞાનેન્દ્રસિંહ મલિક તથા લૉ એન્ડ ઓર્ડર ડીજીપી શ્રી રાજકુમાર પાંડિયનના સીધા માર્ગદર્શન અને ઉચ્ચસ્તરીય મોનિટરિંગ હેઠળ આ કાર્યાલય દ્વારા નાગરિકોની રજૂઆતોનું સમયબદ્ધ અને પરિણામલક્ષી નિરાકરણ લાવવામાં આવી રહ્યું છે. તા. ૦૪ ફેબ્રુઆરી ૨૦૨૬થી કાર્યરત આ કાર્યાલય પ્રત્યે લોકોનો વિશ્વાસ એટલી હદે વધ્યો છે કે માત્ર ૮ મહિનાના ટૂંકા ગાળામાં સમગ્ર રાજ્યમાંથી ૩૧૦ જેટલા અરજદારોએ રૂબરૂ મુલાકાત લઈને પોતાની રજૂઆતો નોંધાવી છે. કોઈ નાગરિક કચ્છ કે સૌરાષ્ટ્રના અંતરિયાળ વિસ્તારોમાંથી લાંબી મુસાફરી કરીને આવતું હોય કે પછી દક્ષિણ ગુજરાતના છેવાડાના આદિવાસી ગામોમાંથી, ગાંધીનગર પોલીસ ભવન પહોંચતા જ દરેક અરજદારને પૂરા સન્માન, ધીરજ અને સંવેદનશીલતાથી સાંભળવામાં આવે છે. કોઈ પણ નાગરિક સાથે અન્યાય ન થાય તે માટે પૂર્ણતકેદારી રાખીને સમર્પિત ટીમ દ્વારા તેમની અરજીઓ સ્વીકારવામાં આવે છે. આ ટીમમાં પોલીસ ઈન્સ્પેક્ટર શ્રીમતી પલક પટેલ, પોલીસ સબ-ઈન્સ્પેક્ટર શ્રી એન.જી. બારડ તથા એમ.જે.પટેલ, હેડ કોન્સ્ટેબલ શ્રી મણીલાલ વણગઈ અને પોલીસ કોન્સ્ટેબલ શ્રી કિશનભાઈ રાઠોડનો સમાવેશ થાય છે. આ ટીમ સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર મુજબ અરજી નોંધણી કરીને સંબંધિત શહેર કે જિલ્લાના ઉચ્ચ પોલીસ અધિકારીઓ સાથે તુરંત ટેલિફોનિક સંકલન સાધી જરૂરી સૂચનાઓ આપે છે. જનસંપર્ક કાર્યાલયમાં આવેલી અરજીઓને માત્ર ફોરવર્ડ કરવાને બદલે તથ્યો અને પુરાવાઓના આધારે ગુણદોષ ચકાસી કાયદેસર પગલાં સુનિશ્ચિત કરવામાં આવે છે. જે અંતર્ગત ઉચ્ચ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ ગંભીર અને તથ્યપૂર્ણ જણાયેલી બાબતોમાં સંબંધિત પોલીસ સ્ટેશનો મારફતે તુરંત 28 FIR દાખલ કરાવાયા છે. એટલું જ નહીં, અરજી મોકલ્યા બાદ પ્રક્રિયા ક્યાં પહોંચી તે સુનિશ્ચિત કરવા આશરે ૬૭ જેટલી અરજીઓમાં ઉચ્ચ સ્તરેથી 'Progress Report' મંગાવી સતત એન્ડ-ટુ-એન્ડ ફોલોઅપ લેવાયું છે. બીજી તરફ પારદર્શિતા અને ન્યાયપૂર્ણ વ્યવસ્થા જળવાય તે માટે તપાસ દરમિયાન બદઈરાદાપૂર્વક કે ખોટી રજૂઆત કરનારા ૮ અરજદારો સામે નિયમોનુસાર કાયદેસર પગલાં પણ લેવામાં આવ્યા છે. કાર્યાલયની મુલાકાતે આવતા દરેક નાગરિક પાસેથી પારદર્શક રીતે 'Feedback Form' ભરાવવામાં આવે છે. પોલીસ સ્ટાફનું નમ્ર વર્તન, સાંભળવાની પદ્ધતિ, ત્વરિત કાર્યવાહી અને યોગ્ય માર્ગદર્શનના આધારે મુલાકાત લેનાર નાગરિકો તરફથી કાર્યાલયની કામગીરીને એકમતે "Excellent" રેટિંગ આપવામાં આવ્યું છે. ગુજરાત પોલીસ પ્રજા સાથે સુમેળ સાધીને સંપૂર્ણ સંવેદનશીલતા, પારદર્શિતા અને જવાબદારીપૂર્વક ન્યાય અપાવવા કટિબદ્ધ છે અને DGP Office નું જનસંપર્ક કાર્યાલય આ દિશામાં એક ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડી રહ્યું છે.

